રાજ્ય સરકારની "ઝૂંપડા વીજળીકરણ યોજના" તથા "કુટિર જ્યોતિ યોજના" ની પાત્રતા માટે લાભાર્થીની આવકમર્યાદા વધારવા બાબત

ગુજરાત સરકાર
ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ
ઠરાવ ક્રમાંક: આરઈએસ/૧૦૯૪/૪૪૦૩(૬)/ક૧
સચિવાલય, ગાંધીનગર
તારીખ: 20 MAY 2015

વંચાણે લીધા:

(૧) ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગનો ઠરાવ ક્રમાંક: આરઈએસ/૧૦૯૪/૪૪૦૩/ક૧, તા. ૧૬/૦૨/૧૯૯૬
(૨) ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગનો ઠરાવ ક્રમાંક: આરઈએસ/૧૦૯૪/૪૪૦૩/ક૧, તા. ૧૬/૦૬/૧૯૯૯
(૩) ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગનો ઠરાવ ક્રમાંક: આરઈએસ/૧૦૯૪/૪૪૦૩/ક૧, તા. ૦૧/૦૧/૨૦૦૦
(૪) ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગનો ઠરાવ ક્રમાંક: આરઈએસ/૧૦૯૪/૪૪૦૩/ક૧, તા. ૦૨/૦૭/૨૦૦૮
(૫) ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગનો ઠરાવ ક્રમાંક: આરઈએસ/૧૦૯૪/૪૪૦૩/ક૧, તા. ૦૨/૦૭/૨૦૦૮
(૬) ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગનો ઠરાવ ક્રમાંક: આરઈએસ/૧૦૯૪/૪૪૦૩/ક૧, તા. ૧૮/૦૬/૨૦૧૨
(૭) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો ઠરાવ ક્ર: સશપ/૧૦૨૦૧૪/૪૩૮/અ૧, તા. ૦૭/૦૮/૨૦૧૪

<u>પ્રસ્તાવના:</u>

રાજ્યનાં શહેરી તેમજ ગ્રામિણ વિસ્તારોમાં રહેતા કોઇપણ જાતિનાં બી. પી. એલ. યાદીમાં સમાવિષ્ટ ગરીબ કુટુંબોને વીજળીની સુવિધા મળે તે માટે રાજ્ય સરકારની "ઝૂંપડા વીજળીકરણ યોજના" અંતર્ગત તેમ જ આદિજાતિ વિસ્તારમાં "કુટિર જ્યોતિ યોજના" અંતર્ગત આદિજાતિના લાભાર્થીઓને એક પોઇન્ટ વાયરીંગ સાથે નિ:શુલ્ક ગૃહ વપરાશ વીજ જોડાણો ઉક્ત વંચાણે લીધેલ ક્રમાંક (૧) થી (૫) સામેનાં ઠરાવોથી આપવામાં આવે છે. ઉક્ત બન્ને યોજનાઓમાં અગાઉ બી. પી. એલ. લાભાર્થી ઉપરાંત બી. પી. એલ. યાદીમાં સમાવિષ્ટ ન હોય પરંતુ વાર્ષિક આવક રૂ. ૧૧૦૦૦/- સુધીની હોય તેવા લાભાર્થીઓને પણ આ યોજનાઓનો લાભ આપવામાં આવતો હતો.

ત્યારબાદ ઉક્ત બંને યોજનાઓમાં લાભાર્થીની પાત્રતા માટે નિયત કરવામાં આવેલ આવકમર્યાદામાં વધારો કરવાની જરુરિયાતને ધ્યાને લઈ પુખ્ત વિચારણા બાદ ઉક્ત વંચાણે લીધેલ ક્રમાંક: (૬) સામેનાં ઠરાવથી "ઝૂંપડા વીજળીકરણ યોજના" તથા આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળની "કુટિર જ્યોતિ યોજના" અંતર્ગત બી. પી. એલ. યાદીમાં સમાવિષ્ટ ન હોય તેવા લાભાર્થીઓની પાત્રતા માટે લાભાર્થી ગ્રામીણ વિસ્તારમાં હોય તો રૂ. ૨૭૦૦૦/- અને લાભાર્થી શહેરી વિસ્તારમાં હોય તો રૂ. ૩૫૦૦૦/- ની વાર્ષિક આવકમર્યાદા નિયત કરવામાં આવેલ.

અલબત્ત સતત વધતી જતી મોંઘવારીને અનુલક્ષીને સમયાંતરે વધારવામાં આવતી લઘુત્તમ વેતનની મર્યાદા અને એનાં કારણે લોકોના જીવનધોરણનો આંક ઉંચો ગયેલ હોઇ આ આવકમર્યાદાના પરિપ્રેક્ષ્યમાં લોકો માટેની કલ્યાણકારી યોજનાઓ માટે પર્યાપ્ત પ્રમાણમાં લાભાર્થી ઉપલબ્ધ થતા ન હોવાથી સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના ઉક્ત વંચાણે લીધેલ ક્રમાંક: ૭ સામેના ઠરાવથી રાજ્યની વિવિધ કલ્યાણકારી યોજનાઓનાં લાભાર્થીઓની આવક મર્યાદા ગ્રામિણ વિસ્તાર માટે રૂ. ૨૭,૦૦૦ થી વધારીને રૂ. ૪૭,૦૦૦ અને શહેરી વિસ્તાર માટે રૂ. ૩૬,૦૦૦ થી વધારીને ૬૮,૦૦૦ કરવામાં આવેલ છે. તદઅનુસાર આ વિભાગની "ઝૂંપડા વીજળીકરણ યોજના" અને "કુટિર જ્યોતિ યોજના" ના લાભાર્થીઓની પાત્રતા માટેની આવકમર્યાદા વધારવાની બાબત વિચારણા હેઠળ હતી.

## ઠરાવ:

આથી પુખ્ત વિચારણાને અંતે રાજ્ય સરકારની "ઝૂંપડા વીજળીકરણ યોજના" અને આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળની "કુટિર જ્યોતિ યોજના" અંતર્ગત લાભાર્થીઓને આવરી લેવા ગ્રામ વિકાસ વિભાગની www.rural.dev.gujarat.in વેબસાઇટ પરના કોમન લીસ્ટ પર ઉપલબ્ધ બી. પી. એલ. લાભાર્થીઓને આ બન્ને યોજનાઓનો લાભ મળવાપાત્ર છે તે ઉપરાંત બી. પી. એલ. યાદીમાં સમાવિષ્ટ ન હોય તેવા ગ્રામિણ વિસ્તારમાં રહેતા ગરીબ કુટુંબો કે જેમની મહત્તમ વાર્ષિક આવક રૂ. ૪૭,૦૦૦/- હોય અને શહેરી વિસ્તારમાં રહેતા ગરીબ કુટુંબો કે જેમની મહત્તમ વાર્ષિક આવક રૂ. ૬૮,૦૦૦/- હોય તેવા તમામ લાભાર્થીઓને આ બન્ને યોજનામાં આવરી લેવાનું આથી ઠરાવવામાં આવે છે.

ઉક્ત વંચાણે લીધેલ ક્રમાંક: (૧) થી (૫) સામેનાં આ વિભાગના ઠરાવોમાં દર્શાવેલ આવકમર્યાદા સિવાયની યોજનાઓના અમલીકરણ અંગેની અન્ય જોગવાઇઓ યથાવત રહેશે.

ગુજરાતનાં રાજ્યપાલશ્રીનાં હુકમથી અને તેમનાં નામે,

( એચ. એફ. ગાંધર્વ )

સરકારનાં સંયુક્ત સચિવ

ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ

પ્રતિ:

- નામદાર રાજ્યપાલશ્રીનાં સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર (પત્ર દ્વારા)
- માન. મુખ્યમંત્રીશ્રીનાં મુખ્ય અગ્રસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- સર્વે માન. મંત્રીશ્રીઓ/ માન. રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓનાં અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર
- માન. વિરોધપક્ષનાં નેતાશ્રીનાં અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, ગાંધીનગર
- સચિવાલયના સર્વે વિભાગો
- મેનેજીંગ ડાયરેક્ટરશ્રી, ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લીમીટેડ, વડોદરા
- મેનેજીંગ ડાયરેક્ટરશ્રી, પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ, રાજકોટ
- મેનેજીંગ ડાયરેક્ટરશ્રી, ઉત્તર ગુજરાત વીજ કંપની લીમીટેડ, મહેસાણા
- મેનેજીંગ ડાયરેક્ટરશ્રી, દક્ષિણ ગુજરાત વીજ કંપની લીમીટેડ, રાજકોટ
- મેનેજીંગ ડાયરેક્ટરશ્રી, મધ્યગુજરાત વીજ કંપની લીમીટેડ, વડોદરા
- અધિક મુખ્ય સચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અગ્રસચિવશ્રી, પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ગુજરાત મ્યુનિસિપલ ફાયનાન્સ બોર્ડ, સે.૧૦, ગાંધીનગર
- સર્વે જિલ્લા કલેક્ટરશ્રીઓ
- સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ
- સર્વે જિલ્લા આયોજન અધિકારીશ્રીઓ
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ
- પસંદગી ફાઇલ
- ના. સે. અધિ. અંગત ફાઇલ